# Bhakta Kavi Narsinh Mehta University

Govt. Polytechnic College Campus, Bhakta Kavi Narsinh Mehta Univarsity Road, Khadiya, Junagadh

Ph.(0)0285-2904003

Website : http://www.bknmu.edu.in email. : info@bknmu.edu.in


પરીપત્ર :-

**વિષય :- યૂ.જી. સેમ. ૫ (પુરક) પરીક્ષામાં ઈન્ટર્નલ (થીયરી તેમજ પ્રાયોગીક) માર્કસની એન્ટ્રી શરૂ કરવા બાબત.**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન સર્વે કોલેજોના માનનીય આચાર્યશ્રીઓને જણાવવાનું કે, ફેબ્રુઆરી-૨૦૨૦ દરમ્યાન ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી દ્વારા લેવામાં આવનાર યુ.જી. સેમ.- ૫ (પુરક પરીક્ષા) ની ઈન્ટર્નલ (થીયરી તેમજ પ્રાયોગીક) પરીક્ષાઓનાં માર્કસની એન્ટ્રી માટેની પ્રારંભ થવાની તારીખ તથા પૂર્ણ થવાની તારીખની વિગત નીચે મુજબ દર્શાવવામાં આવેલ છે.

| ક્રમ | પરીક્ષાનું નામ | એન્ટ્રી પ્રારંભ થવાની તારીખ | એન્ટ્રી પૂર્ણ થવાની તારીખ |
|---|---|---|---|
| ૧ | યુ.જી. સેમ. ૫ (પુરક પરીક્ષા) (ઓલ કોર્ષ) | ૧૮-૦૨-૨૦૨૦ | 03-03-२०२० |

**ખાસ જણાવવાનું કે,**

૧. ઉપર્યુક્ત છેલ્લી તારીખ બાદ કરવામાં આવતી એન્ટ્રી સોફ્ટ્વેર પ્રોગ્રામ સ્વીકારશે નહી, જે ધ્યાને લેવા વિનંતિ છે.

૨. ઈન્ટર્નલ માર્કસની એન્ટ્રી પૂર્ણ થયા બાદ કોલેજ/કેન્દ્રએ ચેકલીસ્ટની પ્રિન્ટની ખરાઇ કરી લેવાની રહેશે, છેલ્લી તારીખ બાદ સુધારો કરી શકાશે નહી. અને જો ભૂલ આવી હશે તો દંડાત્મક ફી ભરી સુધારો કરવાનો રહશે જેની નોંધ લેવી.

૩. ઈન્ટર્નલ માર્કસના ચેકલીસ્ટ આચાર્યશ્રી તથા વિષય અધ્યાપકશ્રી દ્વારા તેને સર્ટીફાઈડ કરીને વિદ્યાર્થીના ધ્યાને જાણ અર્થે નોટીસ બોર્ડ પર મુક્વાનું રહેશે.

૪. ઈન્ટર્નલ માર્કસની એન્ટ્રી પૂર્ણ થયા બાદ જો કોઇ ભુલ હોય તો જરૂરી સુધારો કરી, ચેકલીસ્ટની પ્રિન્ટ કાઢી તેની ખરાઇ કરી તેમાં આચાર્યશ્રી તથા વિષય અધ્યાપકશ્રીએ સહી સિક્કા કરી તેને સર્ટીફાઈડ કરીને કોલેજનાં રેકોર્ડ ઉપર રાખવાની રહેશે. યુનિવર્સિટીને જરૂરી લાગશે તો મંગાવે ત્યારે તે નકલ પરીક્ષા વિભાગમાં જમાં કરાવવાની રહેશે.

૫. યુનિવર્સિટી દ્વારા પરીણામ જાહેર થયા બાદ કોઇ પણ સંજોગોમાં ઈન્ટર્નલ માર્કસમાં યુનિવર્સિટી દ્વારા ફેરફાર કરી આપવામાં આવશે નહી.

૬. ઈન્ટર્નલ માર્ક્સની એન્ટ્રી દરમ્યાનકોલેજ ના User Name તથા Password અપાયેલ છે તેનો જ ઉપયોગ કરવો અને તે માહિતી લીક ન થાય તે અંગેની સંપૂર્ણ જવાબદારી આચાર્યશ્રીની રહેશે જે સવિનય વિદિત થાય.

ઉપર મુજબની જાણ કોલેજના શૈક્ષણિક/બિનશૈક્ષણિક કર્મચારીઓના ધ્યાન ઉપર મુકવા અને જરૂરી વ્યવસ્થા ગોઠવવા યોગ્ય કરશોજી.

**ખાસ નોંધ:-**

**દરેક કોલેજે ઈન્ટર્નલ માર્કસની એન્ટ્રીકર્યા બાદ તેની પ્રિન્ટ કાઢી કોલેજનાં નોટીસ બોર્ડ ઉપર ફરજીયાત લગાવવાની રહેશે જેથી કરી ને વિદ્યાર્થીઓને પોતાના માર્કસમાં  કોઇ ભૂલ જણાય તો કોલેજનાં આચાર્યશ્રીનો સંપર્ક કરી શકે અને તેમાં સુધારો કોલેજ દ્વારા કરી લેવાનો રહેશે ત્યાર બાદ કોઇ સુધારો કરી આપવામાં આવશે નહી જેની નોંધ લેવી.**

પરીક્ષા નિયામક

નં :- બીકેએનએમયુ/પરીક્ષા/૨૫૪/૨૦૨૦
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ,
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડિયા, જુનાગઢ-૩૬૨૨૬૩
તા. ૧૮/૦૨/૨૦૨૦

**પ્રતિ,**
યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તરફ
**નકલ સવિનય રવાના:-**
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી
(૨) આઇ.ટી. સેલ (વેબસાઇટ પર પ્રસિધ્ધ થવા અર્થે.)